જા. નં. મા-૨/૨૦૨6/૪૪૫૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: 30/06/2026

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક શાળાઓ તમામ

આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

(signature)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત.

Letter No: DPE/0262/06/2026 Approved Date: 23-06-2026

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,**
**ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, સેકટર-૧૦, ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦,**
**ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેલ:-dpe.guj@gmail.com**

File no.:- DPE/OUT/e-file/105/2026/2780/RTE
તારીખ:-e-સાઈન મુજબ

પ્રતિ,
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**
-જિલ્લા શિક્ષણાધીકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધીકારીની કચેરી, **તમામ**
-શાસનાધીકારીશ્રી, **તમામ**

**વિષય**:-બાળસહજ સ્વભાવવશ અઘટીત ઘટના ન બને તે બાબત
**સંદર્ભ**:-૧)શિક્ષણ વિભાગનો પત્રાંક: ED/0832/04/2026 તા.૨૦/૦૪/૨૦૨૬

૨)અત્રેની કચેરીનો પત્રાંક: DPE/0130/05/2026 તા.૧૧/૦૫/૨૦૨૬

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ દર્શિત પત્રથી મળેલી માહિતી મુજબ પ્રાથમિક શાળામાં બે વિદ્યાર્થી મિત્રોએ બાળસહજ સ્વભાવ વશ મસ્તી મસ્તીમાં એક વિદ્યાર્થીને તેઓના સહપાઠી દ્વારા તેઓના ફ્લોરની પાળી પર પાછળથી પકડી રાખી આગળ ટેકવી આગળના ભાગે નમાવેલ હોવાની ઘટના ધ્યાને આવેલ છે. જે ભવિષ્યમાં બાળસહજ સ્વભાવ વશ આવી ઘટનાઓ ન બને તેની તકેદારી રાખવા અર્થે જરૂરી સુચના પરીપત્રીત કરવા અત્રેની કચેરીને જણાવેલ છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના બાળસહજ સ્વભાવવશ મસ્તી-મજાક દરમિયાન ક્યારેક અણધારી અને અઘટિત ઘટનાઓ સર્જાવાની શક્યતા રહેતી હોય છે. આવી ઘટનાઓને ગંભીરતાથી લઈ ભવિષ્યમાં કોઈપણ પ્રકારની અપ્રિય ઘટના ન બને તે માટે તમામ શાળાઓમાં જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

આથી સૂચના આપવામાં આવે છે કે, આપના અધિકારક્ષેત્ર હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવા જણાવશો:

૧)શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે રમૂજી પ્રવૃત્તિ કે મસ્તી દરમિયાન કોઈ વિદ્યાર્થીને શારીરિક કે માનસિક નુકસાન પહોંચે તેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવો.
૨)વિરામ સમય તેમજ શાળા સમય દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પર પૂરતી દેખરેખ રાખવી.
૩)વિદ્યાર્થીઓને સલામત વર્તન, શિસ્ત અને પરસ્પર સન્માન અંગે શાળાના આચાર્યશ્રી દ્વારા શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ સાથે બેઠક યોજી સમયાંતરે માર્ગદર્શન આપવું.
૪)કોઈપણ અણધારી ઘટના બને તો શાળાએ જરૂરી કાર્યવાહી હાથ ધરવી. તેમજ તેની તાત્કાલિક જાણ તાલુકા/જિલ્લા કચેરીને કરવી.

આમ ઉપરોક્ત સૂચનાઓનું તમામ પ્રાથમિક શાળાઓમાં ચુસ્તપણે પાલન થાય અને કોઇ અણધારી ઘટના ન બને તે માટેની કાળજી લેવાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરશો.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા,ગાંધીનગર

...શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.